સફાઈ કામદારો અને તેના આશ્રિતોના
પુનઃ સ્થાપનાની રાજય સરકારશ્રીની યોજનાનાં
અમલ બાબત

**ગુજરાત સરકાર,**
**સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,**
(સ.ક.પ્રભાગ)
ઠરાવ ક્રમાંક : એસસીડબલ્યુ/૧૦૯૭/ન.બા.૩૩/ગ,
સચિવાલય, ગાંધિનગર.
તા. ૨૧/૩/૧૯૯૮.

<u>વંચાણે લીધા :–</u>

૧. મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમનો તા. ૧૧/૨/૯૭ નો પત્ર ક્રમાંક, અવિકો/પો./સ.કા./ન.યો./૯૭/૧૪૪૫.
૨. નિયામકશ્રી, સમાજ કલ્યાણ મંત્રાલયનો તા. ૧૪/૯/૯૭ નો પત્ર ક્રમાંક, સક/સે/૯૭/૪૯૪૧.
૩. ભારત સરકારના કલ્યાણ મંત્રાલયનો તા. ૧૪/૧/૯૮નો અર્ધ સરકારી પત્ર ક્રમાંક, એન.એસ.એફ.ડી.સી./૦૫/૯૭.

<u>ઠરાવ :–</u>

સમગ્ર દેશમાંથી માથે મેલુ ઉપાટવાની પ્રથા નાબૂદ કરવાના કેન્દ્ર સરકારના નિર્ધાર અન્વયે ભારત સરકારે સફાઈ કામદારો અને તેમના આશ્રિતોના પુનઃસ્થાપન માટેની રાષ્ટ્રીય યોજના અમલમાં મુકેલ છે. આ યોજનામાં સ્વરોજગારી માટે બેન્કેબલ યોજના અંતર્ગત લોન, સહાય તથા માર્જીનમની લોન મંજુર કરવામા આવે છે. આ યોજના બેન્કેબલ હોવાથી અરજદારોને પર્યાપ્ત લોન–સહાય પુરતા પ્રમાણમાં સમયસર મંજુર થતી ન હતી અને જેથી લાભાર્થીઓને ઉદ્યોગ–ધંધા વ્યવસાય શરૂ કરવામાં પડતી મુશ્કેલી ધ્યાને લઈ રાજય સરકારે નવમી પંચવર્ષીય યોજના દરમ્યાન કુલ રૂા. ૧૫૦ કરોડનો નાણાંકીય જોગવાઈ અને તે પૈકી વર્ષ ૧૯૯૭–૯૮ના અંદાજપત્રક રૂા. ૩૦,૦૦૦ કરોડની જોગવાઈ કરીને સફાઈ કામદારો અને તેમના આશ્રિતોના આર્થિક ઉત્કર્ષ માટે રાજ્ય સરકારના ભંડોળમાંથી નાણાંકીય સહાયઆપવાની યોજના વિચારણામાં હતી. દરમ્યાન ભારત સરકારે રચેલ નેશનલ સફાઈ કર્મચારી ફાઈનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન સફાઈ કામદારો અને તેમના આશ્રિતો માટે સ્વરોજગારની જે યોજના તૈયાર કરેલ છે તે યોજનાને કેન્દ્રમા રાખીને નીચે પ્રમાણેની યોજના અમલમાં મુકવામાં આવે છે.

(૧) <u>પાત્રતા :–</u>

માથે મેલ ઉપાડવાની પ્રથામાંથી મુકત થયેલ સફાઈ કામદારોને પ્રથમ પસંદગી અને ત્યારબાદ અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલ સફાઈ કામદારોને આ યોજનાનો લાભ મળી શકશે.

(૨) <u>આવક મર્યાદા :–</u>

આ યોજનામાં ગરીબી રેખાથી બમણી વાર્ષિક આવક રૂા. ૨૨,૦૦૦/– ગ્રામ્ય વિસ્તાર માટે અને રૂા. ૨૩,૭૦૦/– શહેરી વિસ્તાર માટે રહેશે.

(૩) આ યોજના હેઠળ યુનિટ/પ્રોજેકટ કોસ્ટ રૂા. ૫.૦૦ લાખ સુધી રહેશે.

(૪) રૂા. એક લાખ સુધી યુનિટ કોસ્ટક માટે લાભાર્થીએ કોઈ ફાળો આપવાનો રહેશે નહિ જયારે રૂા. એક લાખથી રૂા. પાંચ લાખ સુધીના યુનિટકોસ્ટ ના પ્રોજેકટમાં લાભાર્થીએ ઓછામાં ઓછો પાંચ ટકા ફાળો આપવાનો રહેશે.

(૫) એન.એસ.એફ.ડી.સી.ના ધિરાણ સામે વાર્ષિક ૪% વ્યાજ તથા ૨% વ્યાજ ચેનલાઈઝીંગ એજન્સી/ગુજરાત અનુસૂચિ જાતિ વિકાસ નિગમ એમ કુલ ૬% વ્યાજ લાભાર્થીને ચુકવવાનું થશે.

(૬) આપેલ ધિરાણની વસુલાત દશ વર્ષના અંદર કરવાની રહેશે. આ યોજનામાં જે તે પ્રોજેકટ માટે રાષ્ટ્રીય સફાઈ કર્મચારી ફાઈનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશનમાંથી યુનિટ કોસ્ટના ૮૫% ધિરાણ મેળવવાનું રહેશ. જેની સામે રાજય સરકારે બેન્ક ગેરેન્ટી આપવાની રહેશે.

(૭) રાષ્ટ્રીય સફાઈ કર્મચારી ફાઈનાન્સ એન્ડ ડેવલોપમેન્ટ કોર્પોરેશનના યોજના અંતર્ગત જે તે પ્રોજેકટ માટે નિર્ધારિત યુનિટ કોસ્ટની મર્યાદામાં ધિરાણ મળે તેના સામે રાજય સરકારે કરેલ નાણાંકીય જોગવાઈમાંથી યુનિટ કોસ્ટને ધ્યાને લઈ નીચે પ્રમાણે સબસીડી આપવામાં આવશે.

| યુનિટ કોસ્ટ | સબસીડી | વધુમાં વધુ સહાયની રકમ. |
|---|---|---|
| ૧. રૂા. ૨૫,૦૦૦/- સુધી | ૫૦% | રૂા. ૧૦,૦૦૦/- રાજય સરકાર તરફથી |
| ૨. રૂા. ૫૦,૦૦૦/- સુધી | ૪૦% | રૂા. ૨૦,૦૦૦/- રાજય સરકાર તરફથી |
| ૩. રૂા. ૧,૦૦,૦૦૦/- સુધી | ૩૦% | રૂા. ૩૦,૦૦૦/- રાજય સરકાર તરફથી |
| ૪. રૂા. ૨,૦૦,૦૦૦/- સુધી | ૨૦% | રૂા. ૪૦,૦૦૦/- રાજય સરકાર તરફથી |
| ૫. રૂા. ૫,૦૦,૦૦૦/- સુધી | ૧૫% | રૂા. ૭૫,૦૦૦/- રાજય સરકાર તરફથી |

ઉપરાંત જે કિસ્સામાં યુનિત કોસ્ટના ૧૫% સુધી લાભાર્થીએ ભરવાના થતા હોય ત્યાં લાભાર્થીના ફાળનો રકમ માર્જીનમનો લોન તરીકે રાજય સરકારે કરેલ જોગવાઈમાંથી આપવામાં આવશે.

(૮) આ યોજનાંનો અમલ ગુજરાત રાજય અનુસુચિજાતિ વિકાસ નિગમ મારફતે કરવામાં આવશે. આ યોજનાની નાણાંકીય જોગવાઈ/ગ્રાન્ટ આ નિગમના હવાલે મુકવામાં આવશે. આ યોજના માટે લાભાર્થીની પસંદગી નીચે જણાવ્યા પ્રમાણે કરવામાં આવશે.

જિલ્લા કક્ષાએ જિલ્લા સમિતિ રહેશે. જેમાં (૧) જિલ્લા મેનેજર, ગુજરાત અનુસૂચિતજાતિ વિકાસ નિગમ, (૨) સફાઈ કામદાર બોર્ડના એક ડારેકટ (૩) જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (પંચાયત) ગ્રામ્ય વિસ્તાર માટે વિસ્તાર માટે

(૪) જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી (શહેરી વિસ્તાર માટે) સભ્ય તરીકે રહેશે. સમિતિના કન્વીનર તરીકે જિલ્લા મેનેજર, ગુજરાત અનુસુચિજાતિ વિકાસ નિગમ રહેશે. આ જિલ્લા સમિતિ દ્વારા લાભાર્થીઓને શોધી તેઓની પસંદગીના વ્યવસાય માટે અરજીઓ એકત્રિત કરી ભલામણ સાથે ગુજરાત કામદાર વિકાસ બોર્ડને મોકલવાની રહેશે. સફાઈ કામદાર વિકાસ બોર્ડ અરજીની ચકાસણી કરી બોર્ડની મુંજુરીથી ગુજરાત અનુસૂચિતજાતિ વિકાસ નિગમને મોકલશે. અને નિગમ દ્વારા આ અરજીઓ ચકાસી જે તે પ્રોજેકટ માટે રાષ્ટ્રીય સફાઈ કામદાર કર્મચારી ફાઇનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન તરફથી જે તે પ્રોજેકટને મંજુરી આપવા અંગેની ઈરાદા પત્ર મળ્યે, મંજુર થયેલ ધિરાણ જેટલી રકમની રાજય સરકારશ્રી દ્વારા બાહેધરી આપવાની રહેશે. આગળ જણાવ્યા પ્રમાણે જે તે કિસ્સામાં રાજય સરકાર દ્વારા મંજુર કરવામાં આવનાર સહાયની રકમ રાષ્ટ્રાય સફાઈ કર્મચારી ફાઈનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશનના ધિરાણ સામે વસુલાતરૂપે સરભર કરવામાં આવશે.

આ અંગેનું ખર્ચ અંદાજપત્રના સદર ૨૨૨૫, અનુસૂચિતજાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાતવર્ગો કલ્યાણ અનુંસુચિત જાતિઓનું કલ્યાણ ૧૦૨ આર્થિક વિકાસ બીસીકે-૪૩ (૯૦) સફાઈ કામદારો અને તેના આશ્રિતોનાં પુનઃસ્થાપન માટે નાણાકીય સહાય હેઠળ વર્ષો વર્ષ કરવામા આવનાર જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગના સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા. ૧૧/૩/૯૮ ના નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(ટી. એ. ગજ્જર)
સેકશન અધિકારી,
સમાજકલ્યાણ વિભાગ.

પ્રતિ,
માનનિય મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી.
મેનજીંગ ડાયરેકટરશ્રી, ગુજરાતઅનુસુચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર.
નિયામકશ્રી, સમાંજ કલ્યાણ ખાતું, ગાંધીનગર.
સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી.
સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી.
સર્વે જિલ્લા મેનેજરશ્રી, ગુજરાતઅનુસુચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર.
પે એન્ડ એકાઉન્ટ ઓફિસ, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
નાણાં વિભાગ, સચિવાલય, ગાંધિનગર.
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
પંચાયત અને ગ્રામગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાધીનગર.
વિભાગની પ,બ,જ,ક, શાખા, સમાજ કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ બોર્ડ, ગાધીનગર.
પસંદગી ફાઈલ.

1) F

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના
નિયંત્રણ હેઠળના નિગમોની સીધા ધિરાણની
યોજના હેઠળ અપાતી લોન / ધિરાણમાં
સરળીકરણ અને એકસૂત્રતા લાવવા અંગે.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
પરિપત્ર ક્રમાંકઃ પરચ/૧૦૦૯/૧૧૯૬/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૨/૦૬/૨૦૦૯

## પ રિ પ ત્ર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના નિયંત્રણ હેઠળનાં નિગમો (૧) ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન (૨) ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ (૩) ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ (૪) ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ (૫) ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ અને (૬) ગુજરાત ગોપાલક વિકાસ નિગમમાં હાલમાં લોન/ધિરાણની મંજુરીની પ્રક્રિયાઓ અંગે અલગ અલગ કાર્યપધ્ધતિ અમલમાં છે. એજ રીતે ધિરાણ મંજૂર કર્યા પછી લાભાર્થીઓ પાસેથી જામીન, પોસ્ટ ડેટેડ ચેક લેવા અંગે પણ જુદીજુદી કાર્યપધ્ધતિ અમલમાં હોવાના કારણે નબળા/વંચિત વર્ગના લાભાર્થીઓને લોન મેળવવામાં ખૂબ જ મુશ્કેલી અનુભવાતી હોવાનું ધ્યાને આવેલ છે. ઘણીવાર લાભાર્થીઓને લોન ધિરાણ આપવામાં નિયત થયેલ કાર્યપધ્ધતિનો અમલ કરવાને કારણે પણ વિલંબ થતો હોવાનું ધ્યાનમાં આવેલ છે.

૨. આ સંજોગોમાં વિભાગના નિયંત્રણ હેઠળનાં તમામ ૬ (છ) નિગમોમાં લોન/ધિરાણની પધ્ધતિમાં સરળીકરણ, સમાનતા અને એકસૂત્રતા લાવવા માટેની બાબત વિચારણામાં લેવામાં આવી હતી. આ અંગે તમામ નિગમોના મેનેજીંગ ડીરેકટરશ્રીઓની ખાસ બેઠક બોલાવીને, લોન/ધિરાણની પધ્ધતિનો ઝીણવટપૂર્વક અભ્યાસ કરીને, લાભાર્થીઓના હિતો ધ્યાનમાં રાખીને તેમજ નિગમની વસુલાતને કોઇપણ પ્રકારની વિપરીત અસર ન થાય તે બાબત ખાસ લક્ષમાં રાખીને.

નિગમના તમામ મેનેજીંગ ડીરેકટરશ્રીઓએ સર્વસામાન્ય નીતિ નકકી કરીને સરકાર સમક્ષ દરખાસ્ત મંજૂરી અર્થે મોકલી આપેલ છે.

૩. સરકારશ્રીએ આ બાબત કાળજીપૂર્વક વિચારણા કરીને, નિગમોના તમામ મેનેજીંગ ડીરેકટરશ્રીઓએ કરેલ દરખાસ્તનો સ્વીકાર કરવાનો અને નીચે મુજબ સર્વમાન્ય કાર્યપધ્ધતિ અપનાવવાનો નિર્ણય કરેલ છે.

**(અ) નિગમો દ્વારા કરાનાર ધિરાણ અને તે સામે મેળવવાના થતા જામીનની વિગત અને ધિરાણની પધ્ધતિ નીચે મુજબ નકકી કરવામાં આવેલ છે.**

| ક્રમ | ધિરાણની રકમ | જામીનની વિગત તથા ધિરાણની પધ્ધતિ |
|---|---|---|
| ૧ | રૂ.૩૦,૦૦૦/- સુધીનું MSY તથા MCF ધિરાણ | રૂ.૩૦,૦૦૦/- સુધીના ધિરાણમાં ભાવપત્રકને બદલે ધંધાને અનુરૂપ સાધન/સામગ્રી ખરીદવાની યાદી તથા તેના અંદાજીત ભાવની વિગતો લાભાર્થીએ રજૂ કર્યેથી તેમના પોતાના નામે એકાઉન્ટ પેઇ ક્રોસ ચેક આપવો. |
| ૨ | રૂ. ૩૦,૦૦૦૧ થી રૂ. ૧,૦૦,૦૦૦/- સુધીનું ધિરાણ | ફકત એક જામીન લેવા જેમાં<br>❖ સરકારી/અર્ધસરકારી કચેરીમાં નોકરી કરતા કર્મચારી (કચેરીના વડાના બાંહેધરી પત્રનો આગ્રહ રાખવો નહીં)<br>અથવા<br>❖ ધિરાણની રકમથી દોઢ ગણી રકમની સ્થાવર મિલકત ધરાવતી વ્યકિત (સ્થાવર મિલકતના સંદર્ભમાં બોજા નોંધ કરાવવાની રહેશે.)<br>અથવા<br>❖ જાત જામીન એટલે કે ધિરાણની રકમથી દોઢ ગણી રકમની પોતાની સ્થાવર મિલકત.(બોજા નોંધ કરાવવાની રહેશે.)<br>❖ લાભાર્થીના પાંચ પોસ્ટ ડેટેડ ચેક લેવા અને લાભાર્થી ઇચ્છે તો તેમના પોતાના નામે અથવા વિક્રેતાના નામે એકાઉન્ટ પેઇ ક્રોસ ચેક આપવો. |
| ૩. | રૂ.૧,૦૦,૦૦૦/- થી વધુ ધિરાણ | બે જામીન લેવા જેમાં<br>❖ સરકારી/અર્ધસરકારી કચેરીમાં નોકરી કરતા કર્મચારી (કચેરીના વડાના બાંહેધરીપત્રનો આગ્રહ રાખવો નહીં)<br>અથવા<br>❖ ધિરાણની રકમથી દોઢ ગણી રકમની સ્થાવર મિલકત ધરાવતી વ્યકિત (સ્થાવર મિલકતના સંદર્ભમાં બોજા નોંધ કરાવવાની રહેશે.)<br>❖ લાભાર્થીના દશ પોસ્ટ ડેટેડ ચેક લેવા, અને ધિરાણનો એકાઉન્ટ પેઇ ક્રોસ ચેક વિક્રેતાના નામે આપવો. |

(બ) ઉપર (અ) મુજબની કાર્યપધ્ધતિના અમલ ઉપરાંત નિગમોએ નીચેની હકિકતોની પણ ખરાઇ કરવાની રહેશે.

- દરેક લાભાર્થી પાસેથી નિયમોનુસારના દસ્તાવેજો જેમાં વચનચીઠી, લોન એગ્રીમેન્ટ, બાંહેધરી પત્રક તથા ગીરો ખત વિગેરે લેવાના રહેશે.
- લોનથી ખરીદેલ માલ-સામાનનું સાન ગીરોખત/હાઇપોથીકેશન/મોર્ટગેજ કરાવવાનું રહેશે.
- લાભાર્થી દ્વારા સાધન-સામગ્રી/વાહનનાં બીલો જીલ્લા કક્ષાએ દિન-૧૦ માં રજૂ કરવાનાં રહેશે.
- જીલ્લા અધિકારીશ્રીએ રજૂ થયેલા બિલો મુજબ દિન-૭ માં લાભાર્થીએ વસાવેલ સાધન-સામગ્રી/વાહનની ખરાઇ કરીને લાભાર્થી સાથેનો ફોટોગ્રાફ લેવાનો રહેશે. સાથે સાથે લોનનો ઉપયોગ થયા બાબતનું ઉપયોગીતા પ્રમાણપત્ર આપવાનું રહેશે.
- લાભાર્થીએ બિલ મુજબ સાધન-સામગ્રી/વાહન ખરીદ કરેલ ન હોય તો લોન/ધિરાણના દૂરપયોગ બાબતે અને શરતોના ઉલ્લંઘન અન્વયે લાભાર્થી ઉપર કાયદાકીય કાર્યવાહી કરવા સાથે કરેલ ધિરાણ વ્યાજ સહીત એક સાથે વસુલ કરવાનું રહેશે.

૩. વિભાગના નિયંત્રણ હેઠળના તમામ નિગમોએ હવે પછી લોન/ધિરાણ મંજૂર કરે ત્યારે ઉપર મુજબની કાર્યપધ્ધતિ અનુસરવાની રહેશે. આમ કરવાથી નિગમોની કામગીરીમાં એક સમાનતા અને એકસૂત્રતા આવવા ઉપરાંત નિગમોની કામગીરીમાં ઝડપ પણ આવશે અને તેના લીધે વંચિત વર્ગના લાભાર્થીઓને લોન મેળવવામાં સરળતા ઉભી થશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( શ્રીમતી એસ.આર.ભુરીયા )
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
-માન.મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.